# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/63 Dt. 13/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026નો સત્તાવાર GR ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોક જીરાવાલાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી અને અધિક મુખ્ય સચિવ મમતા વર્મા સમક્ષ કરી હતી રજૂઆત

## નવી ઔદ્યોગિક નીતિની જાહેરાતને 2 મહિના થવા છતાં GR ન થતાં રોકાણકારો અને ઉદ્યોગસાહસિકો અસમંજસમાં હતા: અશોક જીરાવાલા

## સત્તાવાર ઠરાવ (GR)ના અભાવે અટકેલા નવા પ્રોજેક્ટ્સ અને મોટા રોકાણોને હવે મળશે ગતિ: રાજ્ય સરકારનો હકારાત્મક પ્રતિસાદ

## ગુજરાતમાં ઔદ્યોગિક પ્રોત્સાહનો અને નીતિ વિષયક સ્પષ્ટતાથી રાજ્યના અર્થતંત્રને મોટો બૂસ્ટ મળશે: ચેમ્બર ઓફ કોમર્સ

સુરત, 13 ઓગસ્ટ 2026: ગુજરાત સરકાર દ્વારા તા. 15 જૂન 2026ના રોજ જાહેર કરવામાં આવેલી 'ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026'નો સત્તાવાર સરકારી ઠરાવ (GR) વહેલી તકે પ્રસિદ્ધ કરવા અંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરીય રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે તા. 12 ઓગસ્ટ 2026ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ઉપમુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને ઉદ્યોગ તથા ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ (IAS) શ્રીમતી મમતા વર્મા સાથે મુલાકાત કરી આ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

## રોકાણના નિર્ણયો અને પ્રોજેક્ટ્સ અટકતા ચેમ્બરે દોર્યું ધ્યાન

નવી ઔદ્યોગિક નીતિની જાહેરાતને અંદાજે બે મહિના પૂર્ણ થવા આવ્યા હોવા દોર્યું ધ્યાન છતાં સત્તાવાર GR પ્રસિદ્ધ ન થવાથી અનેક ઉદ્યોગસાહસિકો તથા રોકાણકારો નવી નીતિની અંતિમ માર્ગદર્શિકા અને પ્રોત્સાહક જોગવાઈઓની રાહ જોઈ રહ્યા હતા. GRના અભાવે નવા રોકાણોના નિર્ણયો અને વિવિધ ઔદ્યોગિક પ્લાન્ટ્સના અમલીકરણમાં વિલંબ થઈ રહ્યો હોવાથી ચેમ્બરે રાજ્ય સરકારનું ધ્યાન દોર્યું હતું.

## ટૂંક સમયમાં GR પ્રસિદ્ધ થવાની મુખ્યમંત્રીની ખાતરી

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "ગાંધીનગર ખાતેની રજૂઆત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉપમુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તરફથી અત્યંત હકારાત્મક પ્રતિભાવ સાંપડ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી છે કે ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026 નો સત્તાવાર GR ટૂંક સમયમાં જ પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. સરકારના આ પ્રતિસાદથી રાજ્યના ઉદ્યોગજગત અને નવા રોકાણકારોમાં આશા અને ઉત્સાહનો સંચાર થયો છે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સત્તાવાર GR પ્રસિદ્ધ થવાથી નીતિગત જોગવાઈઓ અને સબસિડી/પ્રોત્સાહનો અંગે સ્પષ્ટતા મળશે. પરિણામે ગુજરાતમાં પ્રસ્તાવિત નવા ઔદ્યોગિક રોકાણો ઝડપથી જમીન પર ઊતરશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવો વેગ મળશે. ચેમ્બર ઓફ કોમર્સે રાજ્ય સરકારના આ ત્વરિત અને સકારાત્મક વલણને હૃદયપૂર્વક આવકાર્યું છે.